GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

# તર્કસંગ્રહમાં નિર્દેશિત સપ્ત પદાર્થ

**પટેલ કિંજલકુમાર વિનોદભાઈ**

શોધાર્થી

શ્રી ગુરુગોવિંદ યુનિવર્સિટી,

ગોધરા

અનાદીકાળથી જ માનવ પોતાનીસમાજની ક્ષિતિજનો વિસ્તાર કરવામાં લાગ્યો છે. મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ થતા જ માનવી આ જીવન શા માટે? કોણ છે આ સંપૂર્ણ જગતનો રચનાકાર ? દેખાય સમજાય છે એના કરતાં સમજ અને નજરની પાર રહેલ વસ્તુઓહંમેશા માનવીને આકર્ષિત કરતી રહી છે. અને માનવીની આ જીજ્ઞાસાવૃત્તિ આકાર પામી અને ધીમે ધીમે આવા પ્રસ્નો તર્કના એરણે ચડતા જન્મ થયો દર્શનનો દર્શન એ સંસ્કૃત ભાષાના **दृश्** ધાતુને લ્યુટ્ પ્રત્યય લાણીને બન્યો છે.

જે ભૌતિક આંખો અને સમજની સીમાને પેલે પાર રહેલ વસ્તુનો તત્તવનો અનુભવ કરાવે તે દર્શન ભારતીય જ્ઞાન પરંપરામાં આવા કુલ નવ દર્શનો છે. તેમાં 6 આસ્તિક અને ત્રણ નાસ્તિક દર્શનો.

આસ્તિક દર્શનો વેદોને પ્રમાણ માને છે એક બીજાથી જુદા હોવા છતાં પણ તેમની વચ્ચે એક સંવાદિતા જળવાય છે અને જાણે એકબીજાના પુરક હોય એં પ્રતિત થાય છે.

આસ્તિક દર્શનમાં પોતાનું આગવું સ્થાન ધરાવતું દર્શન એટલે વૈશેષિક જેના પ્રણેતા કણાદમુનિ છે અ જેઓ પરમાણુને વિશેષ મહત્ત્વ આપી વિવિધ દ્રવ્યોની વૈજ્ઞાનિક દષ્ટિકોણથી ચર્ચા કરે છે. આ વૈશેષિક અને ન્યાય દર્શનો જે એક બીજાના પુરક છે તેમાં પ્રથમ પગલો માંડવા માટે ખૂબ જ મહત્ત્વ ધરાવતાં ગ્રંથ એટલે તર્કસંગ્રહ જેમાં અનમ્ ભટ્ટ દ્વારા ખૂબ સરળતા સાથે **बालनाम्सुख बोधाय्** માટે અત્યય સુગમ રીતે દ્રવ્યાદી સપ્તપદાર્થોની ચર્ચા કરવામાં આવી છે. જેનું અહિંયા પ્રસ્તુત લેખમાં ટૂંકમાં વિહંગાવલોકન કરાવવામાં આવશે.

## સપ્તપદાર્થોનું નિરૂપણ

આસ્તિક દર્શનો કહે છે કે મનુષ્ય જીવનનું ઉચ્ચત્તમ લક્ષ્ય સર્વ દુખોની આત્યતિક નીવૃત્તિ અને મોક્ષ છે.

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

વૈશેષિક દર્શન પદાર્થ નિરુપણ કરતાં પહેલા કહે છે કે મનુષ્યને મુક્તિ દ્રવ્યાદિ સપ્ત પદાર્થોના સાચ અને સમ્યક જ્ઞાન થકી જ મળે એમ છે.

પદાર્થનું લક્ષણ આપતા અનમ્ ભટ્ટ દીપિકા ટીકામાં લખે છે કે

पदस्यार्थ – पदार्थ इति व्युत्पत्याभिधेयत्त्वं पदार्थसामान्य लक्षणम्।

જે અભિધેય છે જેનો નામ થકિ નિર્દેશ કરી શકાય છે તે પદાર્થ છે.

ન્યાય, વૈશેષિક દર્શના મહાન ઋષિ પશસ્તપાદ પણ પદાર્થની વ્યાખ્યા કરતા લખે છે કે.

पदार्थनामस्तित्वाभिधेयत्वज्ञेयत्वानि

જેનું અસ્તિત્વ છે જ્ઞેયત્વ અને અભિધેયત્વ છે તે પદાર્થ છે.

સપ્તપદાર્થોમાં દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવનો સમાવેશ થાય છે.

**દ્રવ્યપદાર્થઃ–**

સપ્તપદાર્થમાં પ્રથમ દ્રવ્યપદાર્થ છે. વૈશેષિકદર્શનમાંના પ્રકરણ ગ્રંથ તર્કસંગ્રહના રચયિતા શ્રી અન્નંભટ્ટાચાર્ય દ્રવ્યનું લક્ષણ આપતા કહે છે.

क्रियागुणवत् समवायिकारणमिति द्रव्यलक्षणम्।

(वै.सू. 1–1–14)

અન્ય ગ્રંથોમાં પણ ગુણોનો આશ્રય છે તે દ્રવ્ય છે અથવા તો ગુણ અને કર્મનું સામયિકરણ તે દ્રવ્ય. એવા લક્ષણો આપવામાં આવ્યાં છે.

દ્રવ્યના નવ ભેદ જોવા મળે છે. જેમાં પૃથ્વી, આકાશ, જલ, તેજ, વાયુ, આકાશ, કાલ, દિક, આત્મા અને મન એમ કુલ નવ દ્રવ્ય માનવામાં આવે છે. દ્રવ્યો ફક્ત ને ફક્ત નવ જ છે. ના નવ થી વધારે કે ના નવથી ઓછા.

**ગુણપદાર્થઃ**

વૈશેષિક સૂત્રમાં ગુણનું લક્ષણ કરતા કહે છે કે

द्रव्यश्रयगुणान संयोगपिभागेष्वकारणमनपेक्ष इति गुणलक्षणम्। (वै.सू. 1–16)

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

જે દ્રવ્યના આશ્રયે રહે છે. જે સવ્યં ગુણરહિત છે અને સંયોગવિભાગમાં કારણ નથી એટલે કે જે કર્મનતી તે ગુણ છે.

જ્યારે શ્રીઅન્નંભટ્ટ પોતાની ટીકાગ્રંથ દીપિકામાં તેઓ ગુણના બે લક્ષણ આપે છે.

1. द्रव्यकर्मभिन्नत्वे सति सामान्यवान् गुणः।
2. गुणत्वणातिमान्।

જે દ્રવ્ય અને કર્મથી ભિન્ન હોય અને જેમાં જાતિ હોય તે ગુણ. આ લક્ષણના વિવિધ શંકાઓ વિશંકાઓ, ચર્ચાઓ કરવામાં આવી છે.

આ ગ્રંથમાં કુલ 24 ગુણો માનવામાં આવ્યા છે. પરંતુ વૈશેષિક સૂત્રના રચિયતા કણાદમુનિ કુલ 17 ગુણો જ માને છે. જેમાં રુપ, રસ, ગન્ધ, સ્પર્શ, સંખ્યા, પરિણામ, પૃથકત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન આ જ વૈશેષિક સૂત્રોમાં કુલ 17 ગુણ દર્શાવેલ છે. ત્યારબાદ પ્રસસ્તપાદ અને અન્યવૈશેષિકો તેમાં કુલ સાત ગુણો ઉમેરે છે. જેમાં ગુરુત્વ, દ્રવ્યત્વ, સ્નેહ, સંસ્કાર, ધર્મ, અધર્મ અને શબ્દ આમ કુલ 24 ગુણ તર્કસંગ્રહમાં જોવા મળે છે.

**કર્મપદાર્થઃ**

શ્રી અન્નંભટ્ટ ટીકાગ્રંથમાં દીપિકામાં કર્મનું લક્ષણ આપતા કહે છે.

संयोगबिन्नत्वे सति संयोगसमवायिकारण कर्म।

જે સંયોગથી જુદું છે અને જે સંયોગનું અસમવાયિકારણ છે તે કર્મ... તથા કણાદમુનિ કર્મનું લક્ષણ આપતા કહે છે (एक द्रव्यगुण संयोगविभाग गेष्वनपेक्षकारणमिति कर्मलक्षणम्। (वै.सू. 1.1.17)

કર્મ એક દ્રવ્યમાં સમવાય સંબંધથી રહે છે તે ગુણ નથી અને સંયોગ કે વિભાગનું અનપેક્ષ સીધુ કારણ છે.

કર્મના કુલ પાંચ પ્રકાર જોવા મળે છે. (1) ઉત્ક્ષેપણ (2) અવક્ષેપણ (3) આકુંચન (4) પ્રસારણ (5) ગમન.

આ પ્રકારો સિવાય ભ્રમ, રેચન સ્પર્શન, તિર્થગમન વગેરે પ્રકારો હોઇ શકે પરંતુ શ્રી અન્નંભટ્ટ આ બાબતનું નિરાકરણ કરતાં કહે છે આ બધ્યનો સમાવેશ ગમનમાં થઇ જાય છે પણ આ ગમનનો પ્રકાર

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

એટલો બધો વ્યાપક છે કે ઉત્ક્ષેપણમાં વગેરે અન્ય ચારનો પણ સમાવેશ થઇ શકે તેમ છે. બધા જપ્રકારની ગતિ વગેરેનો સમાવેશ આ પાંચ કર્મમાં થઇ જાય છે.

**સામાન્યઃ–**

ધર્મ અને ધર્મ બન્ને ને ન્યાય–વૈશેષિક દર્શનમાં સ્વીકારેલ છે. પરંતુ બીજા દર્શનોએ સ્વીકારેલ નથી. તેમાં વિવિધ શંકાઓ કરવામાં આવી. આવી વિવિધ શંકાઓના સમાધાન માટે ન્યાય–વૈશેષિકોએ સમવાય નામના એક સ્વ્તંત્ર પદાર્થનું નિરૂપણ કરેલ છે, કણાદમુનિ સૂત્ર આપતા કહે છે–

सामान्यं विशेष इति बुद्धपेक्षम् ॥ (1–2–3)

તથા શ્રી અન્નં ભટ્ટ સામાન્યનું લક્ષણ આપતા કહે છે. नित्यमेकमनेकानुगत ।

તે દ્રવ્ય, ગુણ અને કર્મમાં રહે છે. શેષ ચાર પદાર્થો એટલે કે સામાન્ય પોતે, વિશેષ, સમવાય અને અભાવને સામાન્ય નથી. આમ સામાન્યના લક્ષણના ત્રણ ઘટકો છે. (1) નિત્ય છે (2) એક છે અને (3) અનેકમાં અનુગત છે. (સમવાય સંબંધથી રહે છે,)

**વિશેષઃ–**

શ્રી અન્નંભટ્ટ તર્કસંગ્રહમાં વિશેષ નામના પદાર્થનું લક્ષણ આપતા કહે છે.

नित्यद्रव्यवृत्तयो व्यावर्तका विशेषाः ॥

નિત્ય દ્રવ્યમાં રહેનાર અને વ્યાવર્તક તે વિશેષો છે.

વિશેષ પદાર્થ એ વૈશેષિક દર્શનનો પોતાનો વિશિષ્ટ સિદ્ધાંત છે. એવું પણ માનવામાં આવે છે કે આ દર્શનનું નામ પણ વિશેષ પદાર્થના કારણ જ પડ્યું હશે. આ વિશેષ પદાર્થ વિશે વધુ ચર્ચા તર્કસંગ્રહમાં જોવા મળતી નથી. વૈશેષિક દર્શનના વિવિધ આયામો એ તેના વિશે વિવિધ મતમતાંતરો જોવા મળે છે.

**સમવાયઃ–**

સમવાય એટલે કે नित्यसम्बन्धः समवाय ।

શ્રી અન્નંભટ્ટ સમવાય પદાર્થને સમજાવતા લખે છે નિત્ય સમન્વય એ સમવાય છે. જે અયુતસિદ્ધિમાં રહે છે જે બેમાં એક નાશ પામ્યા વિના બીજાને આશ્રિત થઇને જ રહે છે.

આ અયુતસિદ્ધ અથવા તો સમવાય સંબંધ પાંચ પ્રકારનો જોવા મળે છે.

GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

1. અવયવ– અવયવી (2) દ્રવ્ય જેમાં ગુણ તથા ગુણી (3) વ્યક્તિમાં જાતિ (4) દ્રવ્ય ક્રિયા તથા ક્રિયાવાન (5) નિત્ય દ્રવ્ય.

આમ વધુ વિગતવાર વિવિધ વિદ્વાનોએ સમવાય પદાર્થ વિશે ચર્ચા કરેલ છે.

**અભાવઃ–**

અભાવ પદાર્થને કણાદમુનિ અને પ્રશસ્તપાદે તેનું એક સ્વતંત્ર પદાર્થ તરીકે નિરૂપણ કર્યું ન હતું. એવું કહેવામાં આવે છે કે 10મી કે 11મી સદીમાં શિવાદિત્યે તેમના ગ્રંથ સપ્તપદાર્થીમાં અભાવ નામના સાતમા પદાર્થ તરીકે સ્વીકાર કર્યો પછીથી વૈશેષિકોના સાત પદાર્થોની ચર્ચાની પરંપરા શરૂ થઇ ગઇ. ત્યારબાદ શ્રી અન્નંભટ્ટ પણ અભાવને સાતમો પદાર્થ માને છે. કોઇ પણ કાર્ય ઉત્પન્ન થાય ને પહેલાનો, તે કાર્યનો આ અભાવ છે. શ્રી અન્નંભટ્ટે અભાવના ચાર પ્રકારમાં વહેંચવામાં આવેલ છે. (1) પ્રાગભાવ (2) પ્રધ્વંસાભાવ (3) અત્યન્તાભાવ (4) અન્યોન્યાભાવ આ અભાવ પદાર્થ વિશે વધુ ચર્ચા તેમને પોતાની દીપિકા ટીકામાં કરેલ છે.

આમ કુલ સપ્તપદાર્થ વૈશેષિક દર્શન તથા શ્રી અન્નંભટ્ટ સ્થીત તર્કસંગ્રહમાં આ સપ્તપદાર્થની ચર્ચા કરવામાં આવેલ છે. આ તર્કસંગ્રહ તે વૈશેષિક દર્શનનો અભ્યાસ કરવા માગતા જિજ્ઞાસુઓ માટે આશીર્વાદરૂપ છે. શ્રી અન્નંભટ્ટ આ તર્કસંગ્રહ નામનો પ્રકરણ ગ્રંથ રચીને વૈશેષિક દર્શનોમાં પોતાની આગવી સિદ્ધિ નોંધવી હોય તેવું તેમના ગ્રંથનો અભ્યાસ કરીને જાણવા મળે છે.